ગુજરાત મિત્ર તા. ૫/૭/૨૦૦૦ પૃ(૬)

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૪૭ (ભેસ્તાન)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ઉત્તરેઃ | નવીન ફલોરીન વિગેરે વાળો ઔદ્યોગિક વિસ્તાર |
| દક્ષિણેઃ | સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે ઉનનો સીમાડો |
| પૂર્વેઃ | સુરત-મુંબઇ રેલ્વે લાઇન |
| પશ્ચિમેઃ | સુરત-નવસારી હાઇવે તથા લાગુ ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૨૨ (ભેસ્તાન) |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

નં.પી.આર.ઓ./૧૪૧/૨૦૦૦-૨૦૦૧ — કમિશ્નર

તા.૪/૭/૨૦૦૦ — સુરત મહાનગરપાલિકા